**ફોજદારી કેસ નં. ૯૯૭/૨૦૨૫**

**–:: આંક–૧ હેઠળ હુકમ ::–**

૧. આ કામના ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧** નો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે અંગે તપાસ કરી તપાસ કરનાર અમલદારે ગુના અંગે નું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. આજરોજ આરોપી કોર્ટમાં હાજર થતા, તેઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની જોગવાઈઓ મુજબ જરુરી કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરેલ. ત્યારબાદ, આરોપીએ તેઓની સામેનો ગુનો સ્વૈચ્છિક કબુલ કરવાનું જણાવેલ.

૩. આરોપીએ ગુના અંગેની કબુલાત પુરસીસ રજૂ કરેલ છે તે વાંચી, સંભળાવતાં તેઓએ સમજણપુર્વક ગુનાની કબુલાત કરેલ છે. આરોપીએ તેની રજૂઆત કરતા જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે અને કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે. આરોપીને તેના ગુના બદલ વધુમાં વધુ કેટલી સજા થઈ શકે તે અંગેની સમજણ આપવા છતાં તેઓ પોતાની કબુલાતને વળગી રહેતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વૈચ્છીક નહીં હોવાનું માનવાને કારણ રહેતું નથી.

૪. કેસની હકીકતો, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરજીચંદજી જી.એલ.આર.૨૦૦૫(૧), પાના નં.૭૦૯ ના ચુકાદામાં આપેલ સમજૂતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

૧. આ કામના આરોપી **રાજુભાઈ હિરામણભાઈ પવારને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧** અન્વયેના ગુના સબબ દોષી ઠરાવી **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે, અને દંડના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરાયેલ હોય, તો તે કાયમી રાખવો અન્યથા અપીલ સમય પૂર્ણ થયેથી તે મુદ્દામાલનો નિયમાનુસાર નાશ તેમજ કિંમતી મુદ્દામાલ હોય, તો તેના ખરા માલિકની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

આહવા.
તા. ૧૪–૦૩–૨૦૨૬

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,આહવા.**

**રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા**
**રસીદ નં. ........... થી તા. ૧૪–૦૩–૨૦૨૬**
**ના રોજ વસુલ લીધેલ છે.**

**નાઝર**
**જયુડી. મેજી.ફ.ક., કોર્ટ આહવા.**